# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-04-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું-દેશમાં આપત્તિ વ્યવસ્થાપન , દરિયાઈ પરિવહન, દવા અને ખેતી અંગે BIMSTEC ઉત્કૃષ્ઠતા કેન્દ્ર સ્થપાશે

2) ચાર રેલવે પરિયોજનાઓને અને વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામના બીજા તબક્કાને કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી

3) અંદાજપત્ર સત્ર દરમિયાન લોકસભામાં 118 ટકા અને રાજ્યસભામાં 119 ટકા ઉત્પાદકતા નોંધાઈ

4) ચીને અમેરિકા પર 34 ટકાના વધારાના ટેરિફની જાહેરાત કરી

5) IPLમાં મુંબઈ ઇન્ડિયન્સે લખનઉ સુપર જાયન્ટ્સ સામે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# EVE PM THAILAND

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ BIMSTEC માં સંસ્થા અને ક્ષમતા નિર્માણ માટે ભારત દ્વારા સંચાલિત અનેક પહેલોની જાહેરાત કરી. બેંગકોકમાં છઠ્ઠા BIMSTEC સમિટમાં ભાગ લેતા , શ્રી મોદીએ ભાર મૂક્યો કે ભારતમાં આપત્તિ વ્યવસ્થાપન , ટકાઉ દરિયાઈ પરિવહન , પરંપરાગત દવા અને ખેતીમાં સંશોધન અને તાલીમ પર BIMSTEC સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપવામાં આવશે. તેમણે યુવાનોને કૌશલ્ય આપવા માટે એક નવા કાર્યક્રમ – BODHI-માનવ સંસાધન માળખાના સંગઠિત વિકાસ માટે BIMSTECની પણ જાહેરાત કરી , જેના હેઠળ વ્યાવસાયિકો , વિદ્યાર્થીઓ, સંશોધકો, રાજદ્વારીઓ અને અન્ય લોકોને તાલીમ અને શિષ્યવૃત્તિ આપવામાં આવશે. તેમણે ડિજિટલ જાહેર માળખામાં પ્રાદેશિક જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવા માટે ભારત દ્વારા એક પાયલોટ અભ્યાસ અને પ્રદેશમાં કેન્સર સંભાળ માટે ક્ષમતા નિર્માણ કાર્યક્રમ અંગે રજૂઆત કરી. પ્રાદેશિક આર્થિક એકીકરણ માટે હાકલ કરતા , પ્રધાનમંત્રીએ BIMSTEC ચેમ્બર ઓફ કોમર્સની સ્થાપના કરવા અને ભારતમાં દર વર્ષે BIMSTEC બિઝનેસ સમિટનું આયોજન કરવા તૈયારી દર્શાવી.

શ્રી મોદીએ મ્યાનમાર અને થાઇલેન્ડમાં આવેલા વિનાશક ભૂકંપમાં થયેલી જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો હતો.

. . . . . . . . . . . . . . .

# MEA PM BANGLADESH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે લોકશાહી, સ્થિર, શાંતિપૂર્ણ, પ્રગતિશીલ અને સમાવેશી બાંગ્લાદેશ માટે ભારતના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો. BIMSTEC સમિટ દરમિયાન બાંગ્લાદેશના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસ સાથેની મુલાકાતમાં , શ્રી મોદીએ ભાર મૂક્યો કે ભારત સંબંધો પ્રત્યે લોક કેન્દ્રિત અભિગમમાં માને છે. બેંગકોકમાં મીડિયાને સંબોધતા , વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીએ વ્યવહારિકતાની ભાવના પર આધારિત બાંગ્લાદેશ સાથે સકારાત્મક અને રચનાત્મક સંબંધ બનાવવાની ભારતની ઇચ્છા પર ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ એવો પણ આગ્રહ કર્યો હતો કે પર્યાવરણને બગાડે તેવા કોઈપણ નિવેદનોથી દૂર રહેવું જોઈએ. શ્રી મોદીએ બાંગ્લાદેશમાં હિન્દુઓ સહિત લઘુમતીઓની સલામતી અને સુરક્ષા સંબંધિત ભારતની ચિંતાઓ પણ વ્યક્ત કરી હતી.

. . . . . . . . . . . . . . .

# REV.CABINET

કેન્દ્રીય મંત્રીમંડળે રેલ્વે મંત્રાલયના ચાર પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે જેના માટે ૧૮ હજાર ૬૫૮ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આજે નવી દિલ્લીમાં પત્રકારો સાથે વાત કરતાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે , આ પ્રોજેક્ટ્સ હેઠળ ત્રણ રાજ્યો મહારાષ્ટ્ર ,  ઓડિશા અને છત્તીસગઢના  15  જિલ્લાઓમાં ભારતીય રેલ્વેના હાલના નેટવર્કને લગભગ 1 હજાર 247 કિમી સુધી વધારવામાં આવશે.

શ્રી વૈષ્ણવે કહ્યું કે , આ મલ્ટી-ટ્રેકિંગ કામગીરીને સરળ બનાવશે  ,તેના થકી ભીડ માં ઘટાડો થશે. તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટ્સ અંતર્ગત  19 નવા સ્ટેશન બનાવાશે અને બે મહત્વાકાંક્ષી જિલ્લાઓ - ગઢચિરોલી અને રાજનાંદગાંવ સાથે જોડાણ વધારવામાં આવશે.

(બાઇટ : અશ્વિની વૈષ્ણવ : છતીસગઢ રેલ )

મંત્રીશ્રીએ જણાવ્યું કે ,  મંત્રીમંડળે ૧૦૦ ટકા કેન્દ્રીય ભંડોળ સાથે વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ-૨ ને પણ મંજૂરી આપી છે  , જેનો કુલ ખર્ચ છ હજાર ૮૩૯ કરોડ રૂપિયા છે.શ્રી વૈષ્ણવે કહ્યું, આ કાર્યક્રમ થી આંતરરાષ્ટ્રીય સરહદની નજીક આવેલા ગામડાઓનો વ્યાપક વિકાસ થશે. તેમણે કહ્યું કે આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય સરહદની સુરક્ષા સાથે ત્યાં રહેતા લોકોને આજીવિકાની સુવિધાઓ પૂરી પાડવાનો છે.

(બાઇટ : અશ્વિની વૈષ્ણવ - બોડર વિલેજ )

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# NEW PAR-ADJOURN

સંસદના બંને ગૃહ આજે અચોક્કસ મુદત સુધી સ્થગિત કરવામાં આવ્યા હતા. આ સાથે , 31 જાન્યુઆરીથી શરૂ થયેલું અંદાજપત્ર સત્ર સમાપ્ત થયું હતું. લોકસભામાં સમાપન સંબોધનમાં , અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું , અંદાજપત્ર સત્ર દરમિયાન લોકસભામાં 118 ટકા ઉત્પાદકતા નોંધાઇ છે. તેમણે કહ્યું કે સત્ર દરમિયાન 16 વિધેયક પસાર કરાયા છે.

રાજ્યસભામાં સભાપતિ જગદીપ ધનખડે પણ ગૃહને અચોક્કસ મુદત સુધી સ્થગિત કરી દીધું. તેમના સમાપન સંબોધનમાં , શ્રી ધનખડે કહ્યું કે , ગૃહમાં 119 ટકા ઉત્પાદકતા નોંધાઈ છે. તેમણે જણાવ્યું કે ગૃહમાં વક્ફ સુધારા વિધેયક પસાર કરવા માટે અભૂતપૂર્વ બેઠક યોજાઈ છે જે ગૃહના ઇતિહાસમાં સૌથી લાંબી છે.

. . . . . . . . . . . . . . .

# IPL

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ક્રિકેટમાં આજે લખનઉના એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં લખનઉ સુપર જાયન્ટ્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. જેમાં મુંબઈ ઇન્ડિયન્સે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. હાલ છેલ્લા મળતા અહેવાલ અનુસાર લખનઉ સુપર જાયન્ટ્સ એ 6 ઓવરમાં 0 વિકેટે 69 રન બનાવ્યા છે.

ગઈકાલે કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં કોલકાતા નાઈટ રાઈડર્સ એ સનરાઈઝર્સ હૈદરાબાદને 80 રનથી હરાવ્યું હતું. કોલકાતા નાઈટ રાઈડર્સે 201 રનનો લક્ષ્યાંક આપ્યો હતો.સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમ 16 ઑવર ચાર બોલમાં 120 રન પર ઑલઆઉટ થઈ ગઈ હતી.

. . . . . . . . . . . . . . .

# DRDO - MISSILE TEST

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન- DRDO અને ભારતીય સેનાએ આજે ઓડિશાના ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ટાપુ પરથી મધ્યમ-અંતરની સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઇલના આર્મી સંસ્કરણના ચાર મિસાઇલના સફળ પરીક્ષણ કર્યા. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ મિસાઇલોએ હવાઈ લક્ષ્યોને અટકાવ્યા અને તેમને નષ્ટ કર્યા. મંત્રાલયે જણાવ્યું હતું કે લાંબા અંતર , ટૂંકા અંતર, વધુ ઊંચાઈ અને ઓછી ઊંચાઈ પર ચાર લક્ષ્યોને અટકાવવા માટે પરીક્ષણો હાથ ધરવામાં આવ્યા હતા , જે ઓપરેશનલ ક્ષમતા સાબિત કરે છે. ઓપરેશનલ સ્થિતિમાં શસ્ત્ર પ્રણાલી સાથે ઉડાન પરીક્ષણો હાથ ધરવામાં આવ્યા હતા. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સફળ ઉડાન પરીક્ષણો માટે DRDO, ભારતીય સેના અને ઉદ્યોગોને અભિનંદન આપ્યા છે. તેમણે કહ્યું કે ચાર સફળ પરીક્ષણોએ મહત્વપૂર્ણ રેન્જ પર લક્ષ્યોને અટકાવવામાં શસ્ત્ર પ્રણાલીની ક્ષમતા ફરીથી સ્થાપિત કરી છે.

. . . . . . . . . . . . . . .

# GOVERNOR'S AKASHVANI VISIT

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણ અને મનોરંજનની સામગ્રી પહોંચાડવા માટે રેડિયોને શક્તિશાળી માધ્યમ ગણાવ્યું છે. આજે આકાશવાણી, અમદાવાદની મુલાકાતે આવેલા રાજ્યપાલે દેશની પ્રાચીન પરંપરા જાળવવા બદલ અને સાંસ્કૃતિક વારસાને ભાવિ પેઢી સુધી પહોંચાડવામાં આકાશવાણીનાં પ્રદાનની પ્રશંસા કરી.

શ્રી દેવવ્રતે આકાશવાણીના અધિકારીઓ અને કર્મચારીઓને સંબોધન કર્યું. તેમણે 1971નાં યુધ્ધમાં આકાશવાણી સમાચારના પ્રસારણ અને વિવિધ સંગીત કાર્યક્રમો અંગે પોતાનાં બાળપણની જૂની યાદ તાજી કરી હતી.

(BYTE GOVERNOR AKASHVANI)

રાજ્યપાલ શ્રીએ જણાવ્યું કે , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમ શરૂ કર્યો ત્યારબાદ રેડિયો પુનઃ પ્રચલિત થયો છે. તેમણે આકાશવાણી પરિસરમાં વૃશ્ર વાવીને 'એક પેડ મા કે નામ ' અભિયાનમાં ભાગ લીધો હતો.

આ પ્રસંગે આકાશવાણી કેન્દ્રના વડા એન એલ ચૌહાણ , પ્રાદેશિક સમાચાર વિભાગના વડા ડોક્ટર ચિરાગ ભોરણિયા અને આકાશવાણીના વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . . . .